અલ બદ્ર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
વેકેશન ઉમરાહ ઉપડશે એપ્રિલ-મે+જૂન
[illegible]

સ્પોર્ટ્સ ટુડે

ઉમરાહ ઝિયારત પ્રવાસ ગવર્મેન્ટ રજિસ્ટર્ડ
મક્કા, મદીના, સીરિયા, ઓમાન,
બયતુલ મુકદ્દસ તથા ઈરાક (બગદાદ)
પ્રવાસ દિવસ-૩૧ | બુકીંગ માટે સંપર્ક કરો | પ્રવાસ દર ૧,૨૦,૦૦૦/-
ફોજદાર ટ્રાવેલ્સ
બે મસ્જિદ પાસે, પાંચપીપળી, જમાલપુર,
અમદાવાદ, ફોન : (ઓ.) ૦૭૯-૨૫૩૨૩૨૦૦
હારૂન ફોજદાર : M-9898151566
રફીક ફોજદાર : M-9824619900
Email :Fozdar Travels@yahoo.com
રમઝાન ઉમરાહ બુકીંગ ચાલુ છે

એશીઝનો ત્રણ મહિનાનો કાર્યક્રમ વિશ્વકપ પહેલા બંને ટીમોને ભારે પડી રહ્યો છે

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ પણ ઈજાથી પરેશાન

નવી દિલ્હી, તા.૮

ઉપમહાદ્વીપની પરિસ્થિતિઓમાં પોતાની સ્વિંગ બોલિંગથી ખૂબ જ સફળ રહેનારો ઝડપી બોલર પ્રવિણકુમારનીની ઈજાઓ ભારતની વિશ્વકપ પહેલાં મુશ્કેલી વધારી દીધી છે પણ ધોનીની ટીમ આ ક્રિકેટ મહાકુંભમાં ભાગ લેનારી એકમાત્ર એવી ટીમ નથી જે ઈજાગ્રસ્ત ખેલાડીઓની સમસ્યા સામે ઝઝૂમી રહી છે. ભારતની ૧૫ સભ્યોની ટીમમાં સામેલ ખેલાડીઓમાંથી ફક્ત પ્રવિણ જ ઈજાગ્રસ્ત નથી તેના સિવાય સચિન તેન્ડુલકર, સેહવાગ અને ગંભીર પણ હાલમાં ઈજાથી પરેશાન હતા. સેહવાગ અને ગંભીરે દ.આફ્રિકામાં વન-ડે મેચ રમી ન હતી જયારે સચિનને પણ અધવચ્ચે સ્વદેશ પરત ફરવું પડયું હતું. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની પરેશાની ભારત કરતાં પણ ગંભીર છે પણ ત્રણ વખતનું ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા માટે આ વખતે ટાઈટલનો બચાવ કરવો આસાન નથી કારણ કે હવે તેની પાસે શેન વોર્ન, મેકગ્રા, ગિલક્રિસ્ટ અને હેડન જેવા ધુરંધર નથી તથા કપ્તાન પોન્ટીંગ સહિત અમુક ખેલાડીઓ ઈજાગસ્ત થવાથી તેમની સ્થિતિ નાજુક બની ગઈ છે. ઓસ્ટ્રેલિયાના કોચ ટીમ નિલસને પણ સ્વીકાર કર્યો છે કે ખેલાડીઓની ઈજા તેમના માટે ચિંતાનો વિષય છે અને તે ઈજાગ્રસ્ત ખેલાડીઓની સાથે વિશ્વકપ રમવા જઈ ના શકે તેમણે કહ્યું કે અમે ફક્ત ૧૧ અથવા ૧૨ ખેલાડીઓથી પ્રથમ બે મેચ ના રમી શકીએ અમારે તેમને કવર કરનારા ખેલાડીઓની જરૂર છે. ઓસ્ટ્રેલિયાની મુશ્કેલી વિશ્વકપ ટીમમાં સામેલ ૧૫ ખેલાડીઓમાંથી અમુકના ઈજાગ્રસ્ત હોવા સુધી સીમિત નથી તેણે હોરીત્ઝને કવર કરવા માટે જે ખેલાડી ડોહર્ટીને રાખ્યો હતો તે પણ પીઠના દુખાવાથી પરેશાન છે. આવી જ રીતે શોન માર્શને માઈકલ હસ્સીનો વિકલ્પ માપવામાં આવતો હતો પણ તેના ઘૂંટણના નીચેની નસ ખેંચાઈ ગઈ છે. ઈંગ્લેન્ડની સ્થિતિ પણ ઓસ્ટ્રેલિયા જેવી છે કે એશીઝનો ત્રણ મહિનાનો મોટો કાર્યક્રમ આ બંને ટીમો પર વિશ્વકપ પહેલાં ભારે પડી રહ્યો છે. ઈંગ્લેન્ડની વિશ્વકપ ટીમમાં સામેલ ૬ ખેલાડી ઈજાગ્રસ્ત છે.

ઈજાગ્રસ્ત પ્રવિણકુમારે શ્રીસંતને તક અપાવી

મુંબઈ, તા.૮

ભારતીય ટીમના ઝડપી બોલર પ્રવિણકુમારે ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારા આઈસીસી ક્રિકેટ વિશ્વકપમાંથી બહાર થઈ ગયો છે. તેના સ્થાને કેરળના શ્રીસંતનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ એન. શ્રીનિવાસન દ્વારા બહાર પડાયેલી યાદી અનુસાર પ્રવિણને દ.આફ્રિકામાં રમાયેલી પાંચ મેચોની વન-ડે સિરીઝ દરમ્યાન હાથની કોણીમાં ઈજા થઈ હતી. તે ઈજામાંથી હજુ મુક્ત થઈ શકયો નથી. પ્રવિણની સાથે શ્રીસંતે પણ ફિટનેસ ટેસ્ટમાં ભાગ લીધો હતો. પ્રવિણની સ્થિતિ સંતોષકારક નથી પણ શ્રીસંત ફિટનેસ ટેસ્ટમાં સફળ રહ્યો. વિશ્વકપ માટે પંદગી પામેલી ૩૦ સભ્યોની સંભવિત ટીમમાં સામેલ રહેલો શ્રીસંત પહેલીવાર વિશ્વકપમાં રમશે. બીજી બાજુ આઈપીસીએ પણ ટીમમાં આ ફેરફારને પોતાની સ્વીકૃતિ આપી દીધી છે.

હસ્સી અને હોરિત્ઝ વિશ્વકપમાંથી અંતે બહાર

સિડની, તા.૮

સતત ત્રણ વખત વિશ્વકપ જીતી ચુકેલી ઓસ્ટ્રેલિયન ટીમને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે તેના આક્રમક અને આધારભૂત બેટ્સમેન માઈક હસી અને સ્પેશિયલ સ્પિનર નાથન હોરિત્ઝ ઈજાના કારણે વિશ્વકપમાંથી બહાર થઈ ગયા છે. એકબાજુ ઓફ સ્પિનર હોરિત્ઝ ઈજાના કારણે વિશ્કપમાં રમી શકશે નહીં. હોરિત્ઝ ભારતમાં શાનદાર વનડે રેકોર્ડ ધરાવે છે. તેની જગ્યાએ સ્પિનર ઝેવિયર ડોહર્ટીને તક આપવામાં આવે તેવી શક્યતા છે. આ બંને ખેલાડી વિશ્વકપ માટેની ઓસ્ટ્રેલિયન ટીમમાં સામેલ હતા. આ બંને ખેલાડી બહાર થઈ જતા સતત ચોથી વખત વિશ્વકપ જીતવા માટેની ઓસ્ટ્રેલિયાની યોજના પર પાણી ફેરવી શકે છે. માઈકલ હસીને વર્તમાન સમયના સૌથી આધારભૂત ખેલાડી તરીકે ગણવામાં આવે છે. વનડે ક્રિકેટમાં તેનો દેખાવ પણ ખુબ જ શાનદાર રહ્યો છે. હસી અને હોરિત્ઝની જગ્યાએ ટીમમાં ફરગુસન અને જેશન ક્રેઝાનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે. ૧૫ સભ્યોની ટીમ બુધવારે ભારત આવવા માટે રવાના થશે. રિકી પોન્ટીંગની આગેવાનીમાં ટીમમાં અભૂતપૂર્વ જુસ્સો દેખાઈ રહ્યો છે. શોન માર્શ પહેલાથી જ ઘાયલ છે. ફરગુસનનો સમાવેશ નિશ્ચિત બની ગયો છે. હસીની ગેરહાજરી ખુબ મોટો ફટકો છે કારણ કે તે એક માત્ર ઓસ્ટ્રેલિયન બેટ્સમેન છે જે રેન્કીંગમાં ટોપ પર છે. પસંદગી સમિતિને હવે નવી વ્યૂહરચના અપનાવવી પડશે. રિકી પોન્ટીંગ પણ હજુ સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી. બ્રેડ હેડિન પણ ઘાયલ છે. ઓસ્ટ્રેલિયા વર્લ્ડકપની તેની પ્રથમ મેચ ૨૧ ફેબ્રુઆરીએ ઝિમ્બાબ્વે સામે અમદાવાદમાં રમશે. બેંગ્લોરમાં ભારત સામે પ્રથમ બે વોર્મઅપ મેચ પણ રમશે.

ઈડનગાર્ડનને આઈસીસીની લીલીઝંડી

નવી દિલ્હી, તા.૮

આઈસીસીએ ઈડનગાર્ડનના નવા રિપોર્ટને ઉત્સાહજનક ગણાવતા મંગળવારે આ ઐતિહાસિક સ્ટેડિયમમાં વિશ્વકપની બાકી ત્રણ મેચોના આયોજનનો સંકેત આપી દીધો છે. જો કે કોલકાતાને ભારત-આયરલેન્ડ મેચની યજમાની સોંપવાની સંભાવનાથી ઈન્કાર કરી દીધો છે. આઈસીસીના મુખ્ય કાર્યકારી હારૂન લોગર્ટે કહ્યું કે ઈડનગાર્ડનમાં ૧૫ માર્ચ, ૧૮ માર્ચ અને ૨૦ માર્ચની મેચોનું આયોજન કરવામાં આવશે. તેમણે કહ્યું કે ઈડનગાર્ડનનો પ્રારંભિક રિપોર્ટ ઉત્સાહજનક છે. આઈસીસીની ટીમ જયારે ૨૫ જાન્યુઆરીએ ત્યાં નિરીક્ષણ કરવા ગઈ હતી તેની તુલનામાં હવે ઘણી પ્રગતિ થઈ છે મને આશા છે કે ત્યાં બાકીની ત્રણ મેચોનું આયોજન થશે. આઈસીસીની નિરીક્ષણ ટીમે ગઈકાલે બીજી વખત ઈડનગાર્ડનનો પ્રવાસ કર્યો હતો. જેનો રિપોર્ટ આવ્યા બાદ નક્કી થશે કે ત્યાં ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારા ક્રિકેટ મહાકુંભની બાકીની ત્રણ મેચ રમાશે કે નહીં. લોગર્ટે કહ્યું કે આઈસીસી ટીમ આજે પોતાનો રિપોર્ટ સોંપી દેશે આઈસીસી સીઈએ એ જો કે ભારત અને આયરલેન્ડ વચ્ચે બેંગ્લોરમાં ૨૨ માર્ચે રમાનારી મેચની યજમાની કોલકાતાને સોંપવાની સંભાવનાથી ઈન્કાર કરી દીધો છે. જેનો બંગાળ ક્રિકેટ સંઘ આગ્રહ કરી રહ્યું હતું. તેમણે કહ્યું કે અમને આવો કોઈ આગ્રહ મળ્યો નથી જો આઈસીસી ઈડનગાર્ડનને લીલીઝંડી આપશે તો ત્યાં ત્રણ મેચ દ.આફ્રિકા-આયરલેન્ડ (૧૫ માર્ચ હોલેન્ડ-આયરલેન્ડ (૧૮ માર્ચ) અને ઝિમ્બાબ્વે-કેન્યા (૨૦ માર્ચ) આયોજીત કરવામાં આવશે.

ટીમ ઈન્ડિયાનો કોચ બનવા માંગુ છું : ગાંગુલી

નવી દિલ્હી, તા.૮

પૂર્વ ભારતીય કપ્તાન સૌરવ ગાંગુલીએ કહ્યું કે તે ભવિષ્યમાં ટીમ ઈન્ડિયાનો કોચ બનવા માગે છે. ગાંગુલીએ કહ્યું કે હું પોતાને કોઈપણ સ્તરે પ્રશાસકની ભૂમિકા માટે માનસિક રીતે તૈયાર કરી રહ્યો છું. હું ભારતીય ટમીનો કોચ બનવાનું પસંદ કરીશ. ગાંગુલીએ આ સાથે જ આ વાતને બકવાસ ગણાવી હતી કે તે ટીમમાં રાજકારણ લઈને આવ્યો. તેણે કહ્યું કે હું કપ્તાન તરીકે પાંચ વર્ષ ક્રિકેટ રમ્યો અને તે પહેલાં આઠ વર્ષ વિભિન્ન કપ્તાનોના નેતૃત્વમાં રમતો રહ્યો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હું પોતાના અંતિમ અઢી વર્ષ કપ્તાન ન હતો આજે ભારતીય ટીમ જે કઈપણ છે મે તેને અહીંયા સુધી પહોંચાડવામાં મદદ કરી છે અને રાજકારણ રમીને આ પ્રાપ્ત કરી શકાય નહીં.

ટંકારીયાના સોયબ પટેલની પણ એમ.આર.એફ. કેમ્પ માટે પસંદગી

ટંકારીયા, તા.૮, જીએનએફસી ભરૂચ ખાતે યોજાયેલી ત્રિદિવસીય ઝડપી બોલર પ્રતિભા શોધ અંતર્ગત કેમ્પમાં ભરૂચ જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા મુનાફ પટેલ, ટી.શેખર અને સિદ્રાર્થ ત્રિવેદીની ત્રિપુટીએ ટંકારીઆના સોયબ અહમદ પટેલ પર પસંદગી ઉતારી છે. અંડર-૧૯માં સોયેબ પટેલની પસંદગી થતાં ગામમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. ગામના ઝડપી બોલર સલીમ વૈરાગી બાદ સોયબની પસંદગીથી નવી આશાઓ બંધાઈ છે. તથા ટંકારીયાની પાસેના વરેડીયા ગામના અને ટંકારીયા બારીવાલા સ્પોર્ટસ ક્લબની ટીમના મેમ્બર સોયેબ યુસુફ પેન્ડીની પણ સિનિયર કેટેગરીમાં ઝડપી બોલર તરીકે પસંદગી થવા પામી છે.

શ્રીલંકાને હરાવી ઓસ્ટ્રેલિયાએ વિશ્વકપની હેટ્રીક કરી

૨૦૦૭ વિશ્વકપ : વૂલ્મરનાં મોતથી વિશ્વ હચમચી ગયું

વિશ્વકપની હાઈલાઈટ્સ

- ઝિમ્બાબ્વે-આરયલેન્ડ મેચ ટાઈ થઈ. વિશ્વકપ ઈતિહાસની ત્રીજી ટાઈ.
- પોન્ટિંગે (૧૧૩) વિશ્વકપની ચોથી સદી ફટકારી.
- દ.આફ્રિકાના બેટ્સમેનોએ હોલેન્ડ સામેની મેચમાં રેકોર્ડ ૧૮ સિકસર ફટકારી.
- મેકુલમે વિશ્વકપની ફાસ્ટેસ્ટ ફીફટી (૨૦ બોલમાં) ફટકારી.
- બાંગ્લાદેશ પહેલીવાર સુપર-૮માં પહોંચ્યું
- પાક. કપ્તાન ઈન્ઝમામે કેપ્ટનશીપ છોડી વન-ડે ક્રિકેટમાંથી સંન્યાસ લીધો.
- મેકગ્રા (૫૬) વિશ્વકપના ઈતિહાસમાં હાઈએસ્ટ વિકેટ લેનાર બોલર બન્યો તેણે વસીમ અકરમ (૫૫)નો રેકોર્ડ તોડયો.
- વિન્ડીઝ કપ્તાન બ્રાયન લારાએ તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.
- સ્ટીવ બકનરે રેકોર્ડ સતત પાંચમાં વિશ્વકપમાંથી ફાઈનલમાં અમ્પાયરીંગ કરી.
- વિશ્વકપમાં પહેલીવાર પાવર પ્લેનો ઉપયોગ થયો.
- કેરેબિયન વિશ્વકપ ભારત-પાકિસ્તાન માટે નિરાશાજનક રહ્યો.

ભારતે બર્મુડા સામે ૪૧૩ રનનો ક્રિકેટ વિશ્વકપના ઈતિહાસનો સૌથી મોટો સ્કોર બનાવ્યો

વેસ્ટઈન્ડિઝની ધરતી પર પહેલીવાર ૨૦૦૭માં રમાયેલો નવમો ક્રિકેટ વર્લ્ડકપમાં કાંગારૂઓએ વિજયની હેટ્રીક પૂરી કરી હતી પણ પાકિસ્તાની કોચ બોબ વૂલમરના રહસ્યમય મોતે સમગ્ર વિશ્વને હચમચાવી દીધું હતું. વિશ્વકપ દરમ્યાન ઈંગ્લેન્ડ મૂળના વૂલ્મરની લાશ તેમના રૂમમાંથી મળી આવી હતી. ૧૩ માર્ચથી ૨૮ એપ્રિલ દરમ્યાન યોજાયેલ આ વિશ્વકપમાં ૧૭ ટીમોએ ભાગ લીધો હતો અને કુલ ૫૧ મેચ રમાઈ હતી. ૧૬ ટીમોને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી હતી અને ચારેય ગ્રુપની ટોચની બે ટીમો સુપર-૮ રાઉન્ડમાં પ્રવેશી હતી. ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, શ્રીલંકા અને દ.આફ્રિકા સેમીફાઈનલમાં પ્રવેશવામાં સફળ રહ્યા હતા. ફાઈનલમાં શ્રીલંકાને હરાવી ઓસ્ટ્રેલિયા સતત ત્રીજી વખત વિશ્વકપ જીત્યું હતું. દ.આફ્રિકાના હર્શલ ગિબ્લે હોલેન્ડના ડૈન

ગિબ્સે હોલેન્ડ સામે એક જ ઓવરમાં ૬ સિકસર ફટકારી જ્યારે મલિંગાએ દ.આફ્રિકા વિરૂદ્ધ ચાર બોલમાં ચાર વિકેટ ઝડપી

વાન બુંગેની એક જ ઓવરમાં છ સિકસર ફટકારી જયારે શ્રીલંકાના ઝડપી બોલર મલિંગાએ દ.આફ્રિકા સામે ચાર બોલમાં ચાર વિકેટ ઝડપી ઐતિહાસિક સિદ્ધિ મેળવી. વેસ્ટઈન્ડિઝમાં પ્રથમવાર રમાયેલા ક્રિકેટ વિશ્વકપને અવ્યવસ્થાના કારણે ટીમનો સામનો કરવો પડયો હતો. આ વિશ્વકપમાં પહેલીવાર પાવરપ્લેનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આ વિશ્વકપમાં પાકિસ્તાનના કોચ વુલ્મરનું મોત રહસ્યમય રહ્યું. આયરલેન્ડ સામેના પરાજયની સાથે પાકિસ્તાનના વિશ્વકપની બહાર થવાના થોડાક કલાક બાદ વુલ્મર હોટલના પોતાના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. ઉંડી તપાસ બાદ પણ હજુ સુધી એ ખુલાસો થઈ શક્યો નથી કે વૂલ્મરનું મોત દુર્ઘટના હતી કે તેમની હત્યા કરવામાં આવી હતી. કેરેબિયન વિશ્વકપ ભારત અને પાકિસ્તાન માટે ઘણો નિરાશાજનક રહ્યો હતો. પાકિસ્તાન ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં વિન્ડીઝ સામે હાર્યા બાદ આયરલેન્ડ જેવી નબળી ટીમ સામે હારી વિશ્વકપની બહાર થઈ ગયું. ભારત પણ બાંગ્લાદેશ સામેની પ્રથમ મેચ હારી અપસેટનું શિકાર બન્યું.

વિશ્વકપ કાઉન્ટડાઉન
૧૦ દિવસ બાકી
ઈમ્તિયાઝ પટેલ

વિશ્વકપ ૨૦૦૭ નબળી ગણાતી ટીમો માટે યાદગાર રહ્યું. પ્રથમ સેમીફાઈનલમાં શ્રીલંકાએ જયવર્ધને (૧૦૯ બોલમાં ૧૧૫ રન)ની આક્રમક સદીની મદદથી ૫ વિકેટે ૨૮૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ ૨૦૮ રનમાં ઓલઆઉટ થઈ હતી. મુરલીધરને ચાર વિકેટ ઝડપી શ્રીલંકાને ૮૧ રને વિજય અપાવી ફાઈનલમાં પહોંચાડયું. બીજી સેમીફાઈનલમાં શોન ટેટની ઘાતક બોલિંગ સામે દ.આફ્રિકા ૧૪૯ રનમાં સમેટાયું હતું. ઓસ્ટ્રેલિયાએ માઈકલ કલાર્ક (અણનમ ૬૦)ની ઈનિંગની મદદથી ૩૧.૩ ઓવરમાં વિજયી લક્ષ્યાંક પ્રાપ્ત કરી સાત વિકેટે આસાન વિજય મેળવ્યો હતો. વરસાદના કારણે ફાઈનલ ત્રણ કલાક મોડી શરૂ થઈ હતી. જેના કારણે ફાઈનલ ૩૮ ઓવરની કરી દેવાઈ હતી. ગિલક્રિસ્ટે રનનો વરસાદ કરી ૧૦૪ બોલમાં ૧૩ ચોગ્ગા અને આઠ સિકસરની મદદથી ૧૪૯ રનની સ્ફોટક ઈનિંગ રમી જેના કારણે ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટે ૨૮૧ રનનો મજબૂત સ્કોર બનાવ્યો તેના જવાબમાં શ્રીલંકાએ જયસૂર્યા (૬૩) અને સંગાકારા (૫૪)એ આકર્ષક ઈનિંગ રમી પણ આ બંને આઉટ થયા બાદ બાકીના બેટ્સમેનો પાણીમાં બેસી ગયા હતા. ટીમને છેલ્લી કેટલીક ઓવરો અંધારામાં રમવી પડી હતી. શ્રીલંકાએ ૩૬ ઓવરમાં આઠ વિકેટે ૨૧૫ રન જ બનાવી શકયું અને તેને ડકવર્થ લુઈસ નિયમના આધારે ૫૩ રને હારેલું જાહેર કરવામાં આવ્યું અને ઓસ્ટ્રેલિયામાં વિશ્વકપની હેટ્રીક પૂરી કરી. આ પહેલાં તેણે ૧૯૯૯માં પાકિસ્તાનને અને ૨૦૦૩માં ભારતને હરાવ્યું હતું.

યજમાન	:	વેસ્ટઈન્ડિઝ
ચેમ્પિયન	:	ઓસ્ટ્રેલિયા
ટીમો	:	૧૬
મેચો	:	૫૧
દર્શકો	:	૬,૭૨,૦૦૦ (૧૩૧૭૬ મેચ દીઠ)
મેન ઓફ ધ સિરીઝ	:	મેકગ્રા
હાઈએસ્ટ રન	:	હેડન (૬૫૯)
હાઈએસ્ટ વિકેટ	:	મેકગ્રા(૨૬)

સુપર ૮ પોઈન્ટ ટેબલ

ટીમ	મેચ	વિજય	પરાજય	પોઈન્ટ
ઓસ્ટ્રેલિયા	૭	૭	----	૧૪
શ્રીલંકા	૭	૫	૨	૧૦
ન્યુઝિલેન્ડ	૭	૫	૨	૧૦
દ.આફ્રિકા	૭	૪	૩	૮
ઈંગ્લેન્ડ	૭	૩	૪	૬
વેસ્ટઈન્ડિઝ	૭	૨	૫	૪
બાંગ્લાદેશ	૭	૧	૬	૨
આયરલેન્ડ	૭	૧	૬	૨